Research Paper Arts

Saubhagyvati!!'–Manovishleshnatmak Adhyyan

AashkaDevmurari | M.A.,M.Phil. Vadodara

KEYWORDS

"જગતની યોજનામાં જાણે સ્ત્રીને ભાગે વધારે દુઃખ આવેલું છે-સમસ્ત જીવનમાં નહિ તો જીવનના અમુક એક પ્રદેશમાં તો ખરું જ!"

વાર્તાકાર રા.વિ.પાઠકનું આ કથન તેમની 'સૌભાગ્યવતી!!' વાર્તા સાચું ઠેરવે છે. પતિ-પત્નીના સંબંધમાં શારીરિક સમાગમ બંનેની સંમતિથી થતો હોય છે. પત્નીની અસંમતિથી બંધાતો સંબંધ છેવટે તો બળાત્કાર જ ગણાય. પતિ-પત્નીના સંબંધની ગરિમા તેમાં જોખમાય છે. પતિની વાસનાથી કંટાળીને પત્ની આત્મહત્યા કરે છે છતાં મૃત્યુ પછી પણ 'સૌભાગ્યવતી!!' કહેવાય છે એ આ વાર્તાનું કથાવસ્તુ છે.

વાર્તાનું શીર્ષક 'સૌભાગ્યવતી!!' છે. જેનો પતિ જીવતો હોય તેવી સ્ત્રી સૌભાગ્યવતી કહેવાય છે. પણ આ વાર્તામાં મલ્લિકા પતિ વિનોદરાયની અતિશય કામવૃત્તિથી ત્રાસીને આત્મહત્યા કરે છે. મલ્લિકાનો પતિ સમાજની દૃષ્ટીએ જીવતો છે પણ પતિ-પત્નીના સંબંધની દૃષ્ટીએ વિચારીએ તો તે મૃત્યુ પામેલો છે. આવા ગંભીર વિષયને આલેખતી વખતે વાર્તાકાર તરીકેની દ્વિરેફની સૂઝ દાદ માંગી લે છે. તેઓ મલ્લિકાની આપવીતી અત્યંત સંયમિત શબ્દોમાં છતાં વેધક રીતે રજૂ કરે છે. તેમણે વાર્તામાં બે દંપતી મૂક્યાં છે. ડૉક્ટર દંપતી તથા મલ્લિકા અને વિનોદરાય. વાર્તા ડૉક્ટર પત્નીના મુખે કહેવાયેલી છે. ડૉક્ટર પત્ની પોતાની પાડોશી મલ્લિકા અને વિનોદરાય તરફ સ્વાભાવિક રીતે આકર્ષાય છે. કથાન્કેન્દ્રની પસંદગી આ વાર્તામાં ઘણી અગત્યની છે. અહીં કથક ડૉક્ટર પત્ની એક નારી છે જે વયમાં મલ્લિકા જેવડી જ છે. વળી, તે સંવેદનશીલ, સમજદાર અને બુદ્ધિશાળી છે.

આ વાર્તાની સંકલના જોઈએ તો આરંભ મલ્લિકાના બાહ્ય સૌંદર્યના વર્ણનથી થાય છે. ત્યારબાદ મલ્લિકાના પતિ વિનોદરાય સાથે શી રીતે ઓળખાણ થઇ એ પ્રસંગનું વર્ણન છે. ડૉક્ટર પત્ની, વિનોદરાય અને મલ્લિકા વચ્ચે ઊંડો પ્રેમ છે એમ માની બેસે છે. પણ બુદ્ધિશાળી હોવાને કારણે ડૉક્ટર પત્નીને મલ્લિકાને ક્યાંક ઊંડું દુઃખ હોવાનો વહેમ પણ જાય છે. લેખક બે નાનકડા એવા પ્રસંગ પણ મુકે છે, જેમાં ડૉક્ટર પત્ની સાથે ભાવકને પણ લાગે કે મલ્લિકા કોઈક વાતે દુઃખી છે. મલ્લિકા પોતે માનિની સ્ત્રી છે. પોતાનું દુઃખ કોઈને કહે તેમ નથી. તેથી ડૉક્ટર પત્ની જાતે જ મલ્લિકાના દુઃખ માટેના જુદાં જુદાં કારણો કલ્પે છે. લેખકની આ પ્રકારની યોજનાને કારણે ભાવક પણ સાથે સાથે કારણોની કલ્પના કરતો થાય. લેખક કુશળતાપૂર્વક દૂધવાળી જીવીનું ત્રીજું પાત્ર લાવે છે અને જીવીના પાત્ર પ્રવેશની સાથે વાર્તા ક્રમશઃ ગંભીર બનતી જાય છે. જીવી પોતાના ઠાઠ-માઠની, સમૃદ્ધિની વાતો વાગોળે છે. તેની વાતોમાં ડૉક્ટર પત્નીને રસ પડે છે. ડૉક્ટર પત્નીને એ જાણવામાં રસ છે કે આટલો બધો વૈભવ હોવા છતાં જીવીએ પોતાનું ઘર શા માટે છોડ્યું? પતિની અદમ્ય કામવાસનાને કારણે પોતે ઘર છોડ્યું એ વાત જીવી કહે છે. એ સાંભળીને ડૉક્ટર પત્ની ચમકે છે. જીવી,મલ્લિકા અને ડૉક્ટર પત્ની વચ્ચેની વાતચીતમાં વાર્તાનું રહસ્ય ઊઘડે છે. જીવીની કથાથી મલ્લિકાએ વર્ષોથી જે વેદના ભીતરમાં દબાવી રાખી હતી એના બંધ તૂટી જાય છે અને તે બોલી ઉઠે છે,

'હા, એ બોલતી હતી તે જાણે એકએક મારી જ વાત કરતી હતી.'

મલ્લિકાની વ્યથા ડૉક્ટર પત્નીને હચમચાવી દે છે. સાથે સાથે ભાવક પણ હચમચી જાય છે. દ્વિરેફ મલ્લિકાની વેદના વ્યક્ત કરવા માટે જીવીના મુખે જીવીની વેદના વ્યક્ત કરે છે. એ દ્વારા તેઓ મલ્લિકાએ દબાવી રાખેલા દુઃખના દ્વાર ખોલી નાંખે છે. ડૉક્ટર પત્નીની મિત્રતા અને તેનું સહાનુભુતિપૂર્ણ વર્તન પણ તેને મોકળા થવા પ્રેરે છે.

વાર્તાનો અંત મર્મવેધક બની રહે છે. જુઓ;

"બધાં કહેતાં હતાં:'કેવી રૂપાળી!' 'કેવી નમણી!' 'ને સૌભાગ્યવતી જ મરી ગઈ!'

મને મનમાં થયું:'સૌભાગ્યવતી!!'"

અવતરણ ચિન્હ વચ્ચે મૂકાયેલો 'સૌભાગ્યવતી' શબ્દ અને બબ્બે આશ્ચર્યવાચક ચિન્હ દ્વારા લેખકે વકતા-મલ્લિકાના જીવનની વકતા વેધક રીતે દર્શાવી છે. વાર્તાના અંતના ઉદગાર વાક્યો મલ્લિકાના જીવનની હાંસીરૂપ લાગે છે. બહારથી સુખી જણાતી સ્ત્રીની કરૂણતા રજૂ કરતી આ વાર્તાના અંતે 'સૌભાગ્યવતી' શબ્દનો જુદો જ અર્થસંકેત પ્રગટે છે.

હવે, મનોવિશ્લેશણાત્મક અભિગમથી 'સૌભાગ્યવતી' વાર્તાને તપાસીએ. પ્રથમ નજરે વિનોદરાયનું પાત્ર અતિશય કામાસક્ત જણાય. ફ્રોઈડ કહે છે તેમ વિનોદરાયની મૂળભૂત વૃત્તિ જ કામવૃત્તિ છે એમ લાગે. પરંતુ આ વાર્તાને ધ્યાનપૂર્વક વાંચતા આ વાત અધૂરી જણાય. ડૉક્ટર પત્ની વિનોદરાય અને મલ્લિકાના બાહ્ય દેખાવથી એ બંને તરફ આકર્ષાય છે. વિનોદરાયનો પત્ની તરફનો આવેશ પણ ડૉક્ટર પત્નીને સાચો જણાય છે. વિનોદરાય એક દુહો વારંવાર ગાતા હોય છે:

'કાં ગોરીમાં ગુણ નહીં, કાં નાવલિયો નાદાર!'

વિનોદરાય ડૉક્ટર સામે અને તેમની પત્ની સામે સભાનતાપૂર્વક પોતે પત્નીઘેલા છે એવી છાપ ઊભી કરે છે. પોતે પત્નીથી એક ક્ષણ પણ દૂર રહી શકતા નથી એ બતાવવા માટે તેઓ આ દુહો વારંવાર ગાય છે. વિનોદરાય ખૂબ રોમેન્ટિક છે એવી તેમની પર્સોના છે. ખરેખર તેઓ રોમેન્ટિક નથી. વિનોદરાય મનોવિજ્ઞાની એરિક ફ્રોમના શબ્દોમાં કહીએ તો શોષણલક્ષી વ્યક્તિત્વ ધરાવે છે. એરિક ફ્રોમે 'મેન ફોર હિમ સેલ્ફ' નામના ગ્રંથમાં વ્યક્તિત્વના પાંચ પ્રકારો ગણાવ્યા છે. તેમાં શોષણલક્ષી વ્યક્તિત્વની સમજ આપતાં લખે છે કે, આ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ બીજાની પાસેથી બળજબરીપૂર્વક સ્નેહ, વસ્તુઓ પડાવી લેતી હોય છે. તેમના માટે અન્ય વ્યક્તિઓ એ માત્ર સાધન છે. વિનોદરાય આ પ્રકારની વ્યક્તિ છે. તેઓ બળજબરીપૂર્વક મલ્લિકા સાથે સંબધ બાંધે છે અને પોતાને જે જોઈએ છે તે મેળવી લે છે.

વિનોદરાય અને જીવીનો પતિ એ બંને આ જ રીતની વ્યક્તિઓ છે. હવે પ્રશ્ન થાય કે શોષણલક્ષી અને અદમ્ય કામવૃત્તિવાળી વ્યક્તિમાં ભેદ શું? અદમ્ય કામવૃત્તિથી પીડાતી વ્યક્તિ બીજા વિજાતીય પાત્રો સાથે પણ સંબંધ બાંધે. અહીં વિનોદરાય અને જીવીનો પતિ બીજી સ્ત્રીઓ સાથે સંબંધ બાંધતા નથી. માત્ર અને માત્ર પોતાની પત્નીને જ ચૂંથે છે. પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા હોવાને કારણે આ પ્રકારના લોકો પોતાના વ્યક્તિત્વની આ કાળી બાજુને પત્નીઘેલા બની, રોમેન્ટિક બની છુપાવતા હોય છે. તેઓ જાણે છે કે પત્ની તેમની આશ્રિત છે અને પતિ પોતાની પત્ની સાથે શારીરિક સંબંધ બાંધે તેમાં સામાજિક દૃષ્ટિએ કશું ખોટું તો નથી જ. શોષણલક્ષી વ્યક્તિઓ હંમેશા પોતાના આશ્રિતોનું જ શોષણ કરતાં હોય છે. અદમ્ય કામાવેગવાળી વ્યક્તિઓ આ પ્રકારની હોતી નથી. હમણાં જ પ્રગટ થયેલી સ્ટીગ લાર્સનની નવલકથા 'ધ ગર્લ વિથ ડ્રેગન ટેટુ'માં નાયિકા લીઝબેથ સેલેન્ડરનો ગાર્ડિયન વકીલ આ જ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવે છે. લીઝબેથ આશ્રિત હોવાથી જ તે તેનું શોષણ કરે છે. વિનોદરાય જેવાં પુરૂષો સામાજિક વ્યવસ્થાને જાણે છે. તેથી જ આ વાતનો ગેરલાભ લઈને પત્નીનું શોષણ કરે છે. બીજી કોઈ સ્ત્રી તેમની આશ્રિત હોત તો તેઓ તેમનું પણ આ જ રીતે શોષણ કરત. તેમને બળજબરીથી સંબંધ બાંધવામાં એક પ્રકારનો આનંદ મળતો હોય છે. મલ્લિકા અને જીવી જેવી સ્ત્રીઓ આ સમાજવ્યવસ્થાને જાણે છે. તેથી તેઓ કશું બોલી શકતી નથી. એમાંય વળી મલ્લિકા તો જીવીની સરખામણીમાં વધારે કમનસીબ છે. તે

નિઃસંતાન છે. ઉચ્ચ વર્ણની છે. આર્થિક રીતે પણ તે પતિ પર આશ્રિત છે. તેથી તે જીવીની જેમ ઘર પણ છોડી ન શકે.

'સૌભાગ્યવતી!!' વાર્તાને સ્ત્રીના દૃષ્ટિકોણથી તપાસીએ તો પ્રશ્ન થાય કે પતિના સ્પર્શથી મલ્લિકાને સૂગ કેમ થાય છે? આપણા સમાજમાં કેટલીક માન્યતાઓ પ્રચલિત છે. જેમ કે, સ્ત્રીની સરખામણીમાં પુરુષની કામવૃત્તિ વધારે હોય છે અને મોટી ઉંમર સુધી એવી ને એવી રહેતી હોય છે. મેનોપોઝના તબક્કાને કારણે ઘણીવાર સ્ત્રીઓની કામેચ્છા ઘટી જતી હોય છે. સેકસોલોજી અને સાયકોલોજી આ બંને ક્ષેત્રે થયેલા સંશોધનો આ બંને વાતને ખોટી ઠેરવે છે. મેનોપોઝને કારણે સ્ત્રીઓમાં એસ્ટ્રોજન હોર્મોનનો સ્ત્રાવ ઘટી જાય છે એ વાત સાચી પણ મેનોપોઝ પછી ગર્ભાધાનની શકયતા ન હોવાને કારણે ઘણી સ્ત્રીઓ અગાઉની સરખામણીમાં મોકળા મને શારીરિક સમાગમ માણતી હોય છે. પુરુષની જેમ સ્ત્રીને પણ સંભોગ કે શારીરિક આનંદ મેળવવા માટે વયની કોઈ મર્યાદા નથી એમ આ ક્ષેત્રમાં થયેલાં સંશોધનો દર્શાવે છે. મોટી વયે પતિ-પત્નીને એકમેકનો સહવાસ માણવો ગમતો હોય છે. સૂગનું ખરું કારણ પતિની વૃત્તિની જાણ થવી તે છે. મલ્લિકા પોતે જ એક વિધાન કહે છે. જુઓ:

'એની પેઠે જ મને પણ સ્પર્શની સૂગ થઇ છે, એટલે વાત આવી છે. એની પેઠે જ મેં ઘણીય વાર તિરસ્કારથી અને જુગુપ્સાથી કોઈ ચીજ કૂતરાને નીરી દઈએ, એમ મારો દેહ સોંપી દીધો છે.'

મલ્લિકા વિનોદરાયને કૂતરાની સાથે સરખાવે છે. એક પત્ની તરીકે તેને વિનોદરાયના સ્પર્શમાં પ્રેમની અનુભૂતિ થતી નથી. એ જ વસ્તુ જીવી સાથે બને છે. જુવાનીના જોશમાં પતિની આ વૃત્તિ તેને સમજાતી નથી. પણ મોટી ઉમરે આ વૃત્તિ સમજાય છે. પટેલ અને વિનોદરાયના સ્પર્શમાં પ્રેમ નથી પણ માત્ર ને માત્ર પત્નીનું શોષણ કરવાની વૃત્તિ છે. વિનોદરાયનું ખરું વ્યક્તિત્વ ડૉક્ટર સમજી જાય છે. ડૉક્ટરનું આ માર્મિક વિધાન જુઓ:

'ખરાબ માણસ બૈરીને અને કવિતાને બંનેને બગાડે છે.'

પત્ની મડદાંની જેમ પડી રહે અને કોઈ પ્રકારનો ઉમળકો પણ ન બતાવે છતાં વિનોદરાય પત્ની સાથે સંબંધ બાંધે છે. મડદું ચીરીને તરત જમવા બેસી શકતા ડૉક્ટર પણ મલ્લિકાની વેદના સાંભળીને બળી ખાઈ શકતા નથી. પરંતુ વિનોદરાય મલ્લિકાને મડદાં જેવી બનાવીને પણ રોજ ચૂંથે છે. એ વાત ધ્યાનથી જોઈએ તો તેમનું શોષકલક્ષી વ્યક્તિત્વ સમજી શકાય. એકતરફી આનદ મેળવવાની વિનોદરાયની રીત છે. વિનોદરાય સ્ત્રીને માત્ર સાધન જ ગણે છે અને છતાં સમાજમાં પોતાની છાપ રોમેન્ટિક પતિની રાખે છે. તેથી તેમનું પાત્ર વધુ ક્રૂર બને છે.

મલ્લિકા જે સૂગ અનુભવે તેના મૂળમાં પતિની કાળી બાજુ તે જાણી જાય છે તે છે. જીવીનો પટેલ પણ આ જ રીતે પત્નીનું શોષણ કરતો હોય છે. જીવીના આ શબ્દો જુઓ:

'ને રાતે મોટાં છોકરાં છોકરીઓ હોય એમના દેખતાં મારાથી ભવાડા થાય? અમારાં તો ઘરેય નાનાં, ઉતાવળું બોલાયેલ નહિ! ને બહેન, સાચું માનશો? હું ના કહું એમ એને વાતનો કસ વધતો જાય....બૈરીનો ઓશિયાળો અવતાર! કોક વાર તો ચિડાઈને, જે થાય તે થવા દીધું જાણે એ મારી કાયા જ નથી.'

જીવીના આ શબ્દોમાં પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાની મર્યાદા દેખાય છે. પટેલ સામાજિક શરમ, મર્યાદા એ વાતનો ગેરલાભ લઈને જીવીનું શોષણ કરે છે. સ્ત્રી-પુરુષ સંબધોમાં સામાજિક સંરચના ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે એ વાત આલ્ફ્રેડ એડલર અને કાર્લ જુંગ પણ સ્વીકારે છે. પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાની મર્યાદાઓ તેમણે પોતાના સંશોધનોમાં દર્શાવી છે. તેથી જ આ અભિગમથી 'સૌભાગ્યવતી!!' વાર્તાને જોઈએ તો મલ્લિકા અને જીવી જેવી સ્ત્રીઓ માટે આપણી સામાજિક વ્યવસ્થા પણ એટલી જ જવાબદાર છે એ વાતનો ખ્યાલ આવી જાય.

આ અભિગમથી જોઈએ તો મલ્લિકાની વેદના આપણને વિશેષ સ્પર્શી જાય છે. પતિનો સાચો ચહેરો મોટી ઉંમરે ખબર પડે. એનાથી મોટું કમભાગ્ય શું હોય? જે ઉંમરે પતિની હૂંફ, સહવાસ, પ્રેમની ઝંખના હોય તે ઉંમરે પતિના શોષણનો ભોગ બનવું પડે અને છતાંય કહેવાય 'સૌભાગ્યવતી!!' સમાજની અદૃશ્ય સાંકળો મલ્લિકાને જકડી રાખે છે. જો તેને છૂટવું હોય તો તેની પાસે માત્ર એક જ રસ્તો છે અને તે છે મૃત્યુ અને તેથી મલ્લિકા આપઘાત કરે છે. રા.વિ.પાઠક પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાની મર્યાદાને આ વાર્તામાં ઉઘાડી પડે છે. તેથી જ રા.વિ.પાઠકનું વાર્તાના આરંભે નોંધેલું વિધાન સાચું જણાય છે.